અપીલ અરજી નં.૨૨૯ તા.૨૬–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહની તા.૧૬–૯–૦૯ ની અરજીથી (૧) પ્લોટ નં.૧૭૨ ગોપાલનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ પાન્ડેસરા સ્થિત બાંધકામ ચાલુ છે અને થયું છે તેની પરવાનગીની વિગતો આપવા. (૨) રીતીકા એમ્બ્રોયડરી રોડ નં.૬ ઈ.૨૩૫ ઉદ્યોગનગર ઉધના સ્થિત કારખાનું ગુમાસ્તાધારા લાઈસન્સ છે કે નહીં તે બાબત (૩) ઈન્ટેલીજેન્ટ સીકયુરીટી સુનીલસિંઘ સીકયુરીટી ચલાવવા માટેનું લાઈસન્સ તથા ગુમાસ્તાધારા લાઈસન્સ ધરાવે છે કે કેમ? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૯/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહની તા.૧૬–૯–૦૯ નીઅરજીથી (૧) પ્લોટ નં.૧૭૨ ગોપાલનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ પાન્ડેસરા સ્થિત બાંધકામ ચાલુ છે અને થયું છે તેની પરવાનગીની વિગતો આપવા. (૨) રીતીકા એમ્બ્રોયડરી રોડ નં.૬ ઈ.૨૩૫ ઉદ્યોગનગર ઉધના સ્થિત કારખાનું ગુમાસ્તાધારા લાઈસન્સ છે કે નહીં તે બાબત (૩) ઈન્ટેલીજેન્ટ સીકયુરીટી સુનીલસિંઘ સીકયુરીટી ચલાવવા માટેનું લાઈસન્સ તથા ગુમાસ્તાધારા લાઈસન્સ ધરાવે છે કે કેમ? તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૩૦ તા.૪–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને સા.ઝોન/ટેક. /આ.નં.૪૮૦૧ તા.૧૭–૧૧–૦૯ થી પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને મુદ્દા નં.૧ અંગે પાઠવેલ પત્ર સા.ઝોન/ટેક./આનં.૩૯૨૭ તા.૨૯–૯–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૬–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૧ બાબતે કોઈ જવાબ કે નિર્ણય માહિતી ન મળવાના કારણે અપીલ અરજી કરી માહિતી અપાવવા તથા નહીં આપનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની દાદ માંગવામાં આવેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ પૂરક વિગતોમાં સા.ઝોન/ટેક./આ.નં.૩૯૨૭ તા.૨૯–૯–૦૯ થી "મુદ્દા નં.૧ ગુજરાત હાઉસીંગ બોર્ડ પાડેસરા સ્થિત ગોપાલનગર સોસા.ના પ્લોટ નં.૧૭૨ માં ચાલતાં પહેલા માળના બાંધકામની અત્રેથી પરવાનગી આપવામાં આવેલ નથી. તેમજ મંજુરી વિનાના બાંધકામને અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન બંધ કરાવવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૨ અને ૩ બાબતે ગુમાસ્તાધારા વિભાગ મારફતે અલગથી માહિતી આપવામાં આવશે તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ રજૂ કરેલ છે. અરજદારે મુદ્દા નં.૧ બાબતે માહિતી ન આપનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે જે માહિતી અરજદારને તા.૨૯–૯–૦૯ ના રોજથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ હોય તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી જયારે મુદ્દા નં.૨ અને ૩ બાબતે અરજદારે અપીલ કરેલ નહોઈ તે અંગે અપીલીય કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં તા.૨૯–૯–૦૯ ના રોજ પૂરી પાડેલ માહિતી પત્રની નકલદિન–૭ માં મોકલી આપવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૧૧ –૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ,